### ઉત્સાહભેર ઉજવાતો ઉત્સવ શોકમાં ફેરવાયો

# વડોદરામાં દશામાનું વિસર્જન કરતા ૫ યુવકો નદીમાં તણાયા

## યુવકનો મૃતદેહ મળતા પરિવાર સહિત ગામમાં શોકનો માહોલ છવાયો છે, જ્યારે અન્ય બે યુવકોની હજુ પણ શોધખોળ ચાલી રહી છે

વડોદરા, તા.૨૭

વડોદરાની મહીસાગર નદીમાં દશામાની મૂર્તિનું વિસર્જન કરવા ગયેલા ૫ યુવકો ડૂબી જતા ૨ યુવકોના મોત નિપજ્યાં છે. જ્યારે ત્રણ યુવકોની શોધખોળ ચાલી રહી રહી છે.

હાલ ફાયર વિભાગની ટીમ દ્વારા નદીમાં યુવકોની શોધખોળ કરવામાં આવી રહી છે. આ દુર્ઘટનાને પગલે ઉત્સાહભેર ઉજવાતો ઉત્સવ શોકમાં ફેરવાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, શહેરના કિશનવાડી વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષીય પ્રજ્ઞેશ માછી પરિવાર અને મિત્ર સાગર કુરી સાથે આજે સવારે સિંધરોટ મહીસાગર નદી ઉપરના ચેકડેમ પાસે દશામાની મૂર્તિનું વિસર્જન કરવા માટે ગયા હતા. ચેકડેમ પાસે તેઓ મૂર્તિનું વિર્સજન કરવા જતાં જ મહીસાગર નદીના પાણીના ધસમસતા પ્રવાહમાં તણાઈ ગયા હતા. જેમને બચાવવા માટે તેમના મિત્ર સાગરભાઈ પણ પાણીમાં કૂદતા તેઓ પણ પાણીમાં તણાયા હતા. જે બાદ પ્રજ્ઞેશભાઈના પરિવારજનો દ્વારા આ અંગેની જાણ ફાયર વિભાગને કરવામાં આવી હતી. તો સાગરભાઈ હોમગાર્ડમાં ફરજ બજાવતા હોવાથી તેમના ડૂબવાની જાણ થતાં જ અન્ય હોમગાર્ડ જવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તેઓની શોધખોળ હાથ ધરી હતી. જે બાદ બંનેમાંથી એકનો મૃતદેહ મળી આવ્યો છે. જ્યારે અન્ય એકની હજુ પણ શોધખોળ ચાલી રહી છે.

અન્ય એક ઘટનામાં વડોદરાના કનોડાના પોઈચા ગામની મહીસાગર નદીમાં દશામાની મૂર્તિના વિસર્જન દરમિયાન રણછોડપૂરા ગામના ત્રણ યુવાનો ડૂબ્યા હતા. આ અંગેની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા ફાયરની ટીમ મહીસાગર નદી ખાતે પહોંચી હતી અને ત્રણેય સંજય ગોહિલ, વિશાલ ગોહિલ અને કૌશિક ગોહિલની શોધખોળ હાથ ધરી હતી. આ બનાવને પગલે ગામમાં સન્નાટો છવાઈ ગયો હતો.

આ અંગેની જાણ થતાં સાવલીના ભાજપના ધારાસભ્ય કેતન ઈનામદાર પણ ઘટનાસ્થળે દોડી આવ્યા છે. ફાયરની ટીમ દ્વારા શોધખોળ દરમિયાન સંજય ગોહિલ નામના યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. યુવકનો મૃતદેહ મળતા પરિવાર સહિત ગામમાં શોકનો માહોલ છવાયો છે. જ્યારે અન્ય બે યુવકોની હજુ પણ શોધખોળ ચાલી રહી છે.

# અમદાવાદ ગ્રામ્યકોર્ટમાં પ્રજ્ઞેશ પટેલે જામીન અરજી દાખલ કરી

## પોલીસ દ્વારા આરોપી તથ્ય પટેલ, તેના પિતા પ્રજ્ઞેશ પટેલ સહિત ૫૦થી વધુ લોકોના નિવેદન લેવામાં આવ્યા છે

અમદાવાદ, તા.૨૭

અમદાવાદના હચમચાવી નાખનારા ઈસ્કોન બ્રિજ અકસ્માત મામલે મહત્વની અપડેટ સામે આવી છે. આરોપી તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલે જામીન માટે અરજી કરી છે. આપની જણાવીએ કે, અમદાવાદ ગ્રામ્યકોર્ટમાં પ્રજ્ઞેશ પટેલે જામીન અરજી દાખલ કરી છે. તો બીજી તરફ તથ્ય પટેલ સામે કાયદાનો ગાળિયો વધુ મજબૂત કરવા માટે પોલીસે પણ ઘણા પુરાવાઓ એકત્ર કર્યા છે. પોલીસ દ્વારા આરોપી તથ્ય પટેલ, તેના પિતા પ્રજ્ઞેશ પટેલ સહિત ૫૦થી વધુ લોકોના નિવેદન લેવામાં આવ્યા છે. ખાસવાત વાત એ છે કે, જામીન માટે કરેલી અરજી પર કોર્ટે શું ફેંસલો લે છે તે મહત્વનું છે. ઈસ્કોન બ્રિજ અકમાત કેસ મામલે તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલે જામીન માટે અરજી કરી છે. અમદાવાદ ગ્રામ્યકોર્ટમાં પ્રજ્ઞેશ પટેલે જામીન અરજી દાખલ કરી છે જે મામલે આવતીકાલે પ્રજ્ઞેશ પટેલની જામીન અરજી પર સુનાવણી હાથ ધરાશે. હત્યારા તથ્ય સાથે તેના પિતાને પણ જેલહવાલે કરાયા હતા તેમજ તથ્યએ જામીન ન માગ્યા પણ પિતાનો જેલમાંથી છૂટવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

પોલીસે અકસ્માત કેસમાં કલમ ૩૦૮ પણ દાખલ કરી છે. ઈસ્કોન બ્રિજ અકસ્માત મામલે પોલીસે ૫ હજાર પેજની ચાર્જશીટ તૈયાર કરી છે. આ ૫ હજાર પેજની ચાર્જશીટ પોલીસ આજે કોર્ટમાં ફાઈલ કરશે. ટ્રાફિક-પોલીસ દ્વારા અત્યાર સુધીમાં રજૂ કરવામાં આવેલી આ સૌથી ઝડપી ચાર્જશીટ છે. ઈસ્કોન બ્રિજ અકસ્માત બાદ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ૧ અઠવાડિયામાં ચાર્જશીટ થશે તેવું કહ્યું હતું. ત્યારે એવું કહેવામાં આવી રહ્યું છે કે, પોલીસ આજે ચાર્જશીટ ફાઈલ કરી શકે છે. ચાર્જશીટ થયા બાદ તથ્યનો કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવશે.

ઈસ્કોનબ્રિજ પર સર્જાયેલા અકસ્માત સમયે કારની સ્પીડ કેટલી હતી, તે જાણવા માટે પોલીસે અલગ-અલગ એજન્સીઓની મદદ લીધી છે. ઈસ્કોન બ્રિજ અકસ્માત મામલે જેગુઆર કંપનીએ દ્વથી લાઈટિંગ ઈફેક્ટ અંગે રિપોર્ટ મોકલ્યો છે. રોડ પર પૂરતી લાઈટ ન હોવાનું તથ્ય પટેલે બહાનું કાઢ્યું હતું. આરોપી તથ્ય પટેલે પોલીસને આપેલા નિવેદનમાં ખોટું બોલ્યો હતો. જેગુઆર કંપનીએ રિપોર્ટમાં ૩૦૦ મીટર સુધી લાઈટ હોવાનો ખુલાસો કર્યો હતો. તેમજ જગુઆર કંપનીએ ગાડીમાં કોઈ ખામી નહીં હોવાનો પણ રિપોર્ટમાં ખુલાસો કર્યો છે. હ્લજીન્ના રિપોર્ટમાં અકસ્માત સમયે કારની સ્પીડ ૧૪૨.૫ હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત રોડ પર પૂરતું વિઝિબ્લિટી વિઝન હોવાનું અને કારની લાઈટનો પ્રકાશ પૂરતો હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે.

### ટ્રેનની અડફેટે આવતા ૨ સિંહોના મોત

અમરેલી, તા.૨૭

રાજુલાથી પીપાવાવ પોર્ટ નજીક આવેલા રેલવે ટ્રેક પર ગુડ્સ ટ્રેનની અડફેટે આવતા ૨ સિંહોના મોત નીપજ્યા હતા. આ ઘટનાના સમગ્ર રાજ્યમાં ઘેરા પડઘા પડ્યા છે. રાજ્યકક્ષાના વનમંત્રીએ તપાસના આદેશ આપ્યા બાદ વનવિભાગની ટીમ રેલવે ટ્રેક પર તપાસ હાથ ધરી. હ્રઝ્રહ્લ કક્ષાના અધિકારીઓ સહિતનાએ ટ્રેક પર તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહીની માહિતી લીક ન થાય તે માટે મીડિયાને દૂર રાખવામાં આવ્યુ હતુ.

સિંહોને બચાવવા કરોડોના ખર્ચે ફેન્સિંગ નાખ્યા હોવા છતા સિંહો ટ્રેક પર કેવી રીતે આવી ગયા તે મોટો સવાલ છે. રેલવેકર્મીઓ દ્વારા એવો દાવો કરાઈ રહ્યો છે કે તાઉતે વાવાઝોડા સમયે આ ફેન્સિંગ ક્ષતિગ્રસ્ત થઈ હતી, જો કે બાદમાં તેનું રિપેરિંગ કરવામાં આવ્યુ હતુ. ત્યારે જો ફેન્સિંગનું સમારકામ થઈ ગયુ હતુ તો સિંહો રેલવેટ્રેક પર શું ઉડીને આવ્યા તેવો સવાલ અહીંના સ્થાનિકો પણ કરી રહ્યા છે. હાલ આ મામલે ઉચ્ચ કક્ષાએથી તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

### ગોથુ ખાઈ જશો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજના વિભાગે આ માટે જવાબદાર કોર્પોરેશનના તંત્ર અનેક પત્રો લખ્યા બાદ લાંબા સમય સુધી ફુટપાથની સ્થિતિમાં સુધાર આવ્યો ન હતો. આખરે થાગડ થીગડ બાદ ફુટપાથમાં નિકળી ગયેલી ચેકર ટાઈલ્સ કેટલાક ઠેકાણે ફીટ કરવામાં આવી હતી. પરંતુ હાલ પણ ફુટપાથની સ્થિતિ કંગાળ હાલતમાં છે. શહેરમાં સે- ૪ પાસે ખ માર્ગ પર ફુટપાથ પર મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. જયારે સેકટરોમાં ઘણાં ઠેકાણે ફુટપાથના બ્લોક કાઢી નાંખવામાં આવ્યા છે. ફુટપાથની આ કંગાળ હાલત સ્થાનિક નાગરિકો પણ જવાબદાર છે. વોક વે પર ગમે ત્યાં વાહનો દોડાવામાં આવી રહ્યા છે તો કેટલાક ઠેકાણે સેકટરોમાં ઘુસવા માટે શોર્ટ કટસ કરવા માટે પણ ફુટપાથ પર ગાબડા પાડવામાં આવ્યા છે. ઘણાં ઠેકાણે ઢોળાવ કરીને ફુટપાથને નુકશાન પહોંચાડવામાં આવ્યુ છે પરંતુ ફુટપાથની આ દશા કરનારા તત્વો સામે પણ કોઈ પગલા લેવાતા નથી. શહેરના માર્ગોની હાલત પણ ઘણાં સમયથી ખરાબ છે. અલબત્ત સેકટરોમાં આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે ત્યારે પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે હાથ ધરાયેલી ખોદકામગીરીના લીધે ફુટપાથ પર ઠેર ઠેર ભંગાણ થયેલુ જોવા મળે છે. જેના લીધે શહેરના ઉભા આડા માર્ગો આસપાસ ફુટપાથનુ નેટવર્ક છે. પરંતુ ફુટપાથની દશા ચિથરેહાલ છે. જેના લીધે વોક વે પર વોકીંગ કરનારા ગમે ત્યારે ગોથુ ખાઈ જાય નહીંતર અંદર ઉતરી જાય તેવી જોખમી સ્થિતિ પણ જોવા મળી રહી છે. ફુટપાથને યોગ્ય કરવા તાત્કાલિક સર્વે હાથ ધરી તંત્રએ ત્વરિત અસરથી સમારકામ હાથ ધરવાની અનિવાર્યતા છે.

### અસમાનતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ ૩૪૨ મી મી અલબત્ત ૪૮ ટકા વરસાદ થયો છે. જયારે માણસા તાલુકામાં ૪૫૫ મી મી સાથે ૫૧.૧૭ ટકા વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ગાંધીનગર શહેરની વાત કરીએ તો નગરમાં અત્યાર સુધી મોસમનો ૫૧૦ મી મી વરસાદ વરસ્યો છે. શહેરમાં અંદાજિત ૬૪ ટકા વરસાદ થયો છે. આમ જોવા જઈએ તો શહેરમાં મોસમનો સરેરાશ વરસાદ અંદાજિત ૬૮૦ મી મી જેટલો હોય છે. જેની સાપેક્ષમાં જુલાઈ અંતની સ્થિતિએ નોંધપાત્ર વરસાદ થયો છે. જયારે સમગ્ર રાજયમાં ઠેર ઠેર વરસાદે જળબંબાકારની સ્થિતિ સર્જી છે. ત્યારે કલોલ અને ગાંધીનગર તાલુકામાં વરસાદની દ્રષ્ટિએ નિરસ આંકડા સામે આવી રહ્યા છે. આ બન્ને તાલુકામાં અત્યાર સુધી માંડ ૫૦ ટકા જેટલો વરસાદ પણ થયો નથી શહેરમાં વરસાદી મોસમની જમાવટના અંતે મોસમનો નોંધપાત્ર વરસાદ છે. પરંતુ તાલુકા વિસ્તારમાં વરસાદ અન્ય તાલુકાઓની સાપેક્ષમાં ઓછો છે. રાજયમાં હજુ ભારે વરસાદની આગાહી છે. અલબત્ત જુલાઈના બાકી દિવસો અને ઓગષ્ટના પ્રારંભિક તબક્કે નોંધપાત્ર વરસાદ થાય તેવી સંભાવના પણ વ્યકત કરવામાં આવી છે. ત્યારે આગામી ઓગષ્ટ મધ્ય સુધીમાં જિલ્લામાં વરસાદી આંકડો બદલાઈ જશે તેમ પણ મનાઈ રહ્યુ છે વરસાદની પેટર્ન પણ અલગ પ્રકારની છે. રાજયમાં ઘણાં ઠેકાણે તોફાની વરસાદની સાથે જયાં પણ મેઘરાજા મહેરબાન થાય ત્યાં આભ ફાટયુ હોય તેવી સ્થિતિ સર્જાય છે. ત્યારે ચોમાસાના મધ્યાંતરે ગમે ત્યારે બારે મેઘ ખાંગા થવાની પણ સંભાવના છે.

### નામ બદલ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે, ભ્રષ્ટાચાર અને પરિવારવાદ વાળાઓએ પોતાની જમાતનું નામ બદલી નાખ્યું છે પરંતુ તેમનો ઈરાદો આજે પણ એજ છે વધુમાં ઉમેર્યું કે, ખેડૂતોને વધુ ભાવ મળે તો કહે છે મોંઘવારી છે.

પ્રધામંત્રીએ કહ્યું કે, લીલી ઝંડી દેખાડવાનો મોકો મને રાજકોટે આપ્યો છે તેમજ રાજકોટમાં નવું એરપોર્ટ બનતા જ દુનિયાના શહેરોની સીધી ફ્લાઈટ સંભવ બની છે. તેમણે ઉમેર્યું કે, અમારી સરકારની પ્રાથમિકતામાં મિડલ ક્લાસ પણ છે નિયો મિડલ ક્લાસ પણ છે એટલે કે સંપૂર્ણ રીતે મધ્યમ વર્ગ છે. તેમણે કહ્યું કે, અગાઉ પરિવહનને લઈ ફરિયાદો હતી પરંતુ આજે દેશમાં વંદે ભારત જેવી સેવા આપવામાં આવે છે. તેમણે કહ્યું કે, હવાઈ સેવામાં ભારતે નવા વિકાસની ઉંચાઈ આંબી છે અને આજે ૧ હજાર વિમાન ઓર્ડર બુક છે. વધુમાં એમ પણ કહ્યું કે, ચૂંટણી સમયે મેં કહ્યું હતું કે, ગુજરાત પ્લેન પણ બનાવશે અને આજે ગુજરાત એ દિશામાં આગળ વધી રહ્યું છે.

રાજકોટમાં રૂપિયા ૨૦૩૩ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરીને રાજકોટ-સૌરાષ્ટ્રવાસીઓને વિકાસકાર્યોની ભેટ આપી છે. જેમાં હિરાસર પાસે નિર્મિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ, સૌની યોજનાની લિંક-ઉના પેકેજ ૮ તથા ૯, રાજકોટમાં સૌરાષ્ટ્રના પ્રથમ મલ્ટિલેવલ ઓવરબ્રિજ સહિતના વિવિધ વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

### લોકાર્પણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૮૦થી વધુ મુસાફરોની વહનક્ષમતા અને પ્રતિ કલાક ૫,૩૭૫ કિલોમીટરની સ્પીડથી ઊડી શકે એવાં 'સી' પ્રકારનાં પ્લેન ઓપરેટ થશે. આને પગલે એરબસ (છ ૩૨૦-૨૦૦), બોઈંગ (મ્ ૭૩૭-૯૦૦) જેવાં વિમાનોની સુવિધા રાજકોટ સહિત સૌરાષ્ટ્રને મળવા લાગશે. એરપોર્ટ પર સોલાર પાવર સિસ્ટમ, ગ્રીન બેલ્ટ તથા રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ પણ લગાવવામાં આવી છે. આ એરપોર્ટ પર સમાંતર બે ટેક્સી-વે રહેશે તથા એપ્રન, રેપિડ એક્ઝિટ ટેક્સી ટ્રેક, ટર્મિનલ બિલ્ડિંગ, કાર્ગો, સ્ઈ/હેન્ગર્સની સુવિધા પણ ઉપલબ્ધ થશે. એરપોર્ટ પર સાત બોર્ડિંગ ગેટ હશે, જેમાંથી ત્રણ એરોબ્રિજ હશે અને ત્રણ કન્વેયર બેલ્ટ હશે. એરપોર્ટ આંતરરાષ્ટ્રીય હોવાથી બે કસ્ટમ કાઉન્ટર સાથે ૮ ઈમિગ્રેશન કાઉન્ટર હશે.

### ગરીબી ઘટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતો પણ તેમનું કૃષિ ઉત્પાદન વિદેશ મોકલી શકશે. સર્વાંગી વિકાસની સાથે ગુજરાત આજે એરોપ્લેન બનાવવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે કહ્યું હતું કે, રાજકોટ ખાતે અદ્યતન ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટના માધ્યમથી સૌરાષ્ટ્રના નાગરિકો, ધંધા-વ્યવસાયો વિશ્વ સાથે જોડાશે અને નિકાસની તકો સરળ બનશે. રાજકોટ-સૌરાષ્ટ્ર પ્રદેશને લોકલથી ગ્લોબલ બનાવવામાં રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ મહત્વની ભૂમિકા ભજવશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મોરબી-થાનના સિરામીક ઉદ્યોગો, જામનગરના બ્રાસપાર્ટ ઉદ્યોગ, ભાવનગર અલંગના શિપ રિસાયકલિંગ ઉદ્યોગો કે રાજકોટના ઓટોમોબાઈલ પાર્ટ્સ અને મેટલ ઈન્ડસ્ટ્રીઝ ઉદ્યોગો સૌ માટે આ એરપોર્ટ નિકાસ અને વેપાર-ઉદ્યોગોના વિકાસ માટે વિવિધ તકો પૂરી પાડશે. વડાપ્રધાનશ્રીએ રાજકોટને નવીન એરપોર્ટના લોકાર્પણથી નભ, રાજકોટ શહેરના વિવિધ વિકાસ કાર્યોથી થલ તથા સૌની યોજના અન્વયે લિન?ક ઉના ૮ અને ૯ એમ બે પેકેજના લોકાર્પણથી જલ એમ દરેક ક્ષેત્રે વિકાસના નવા-નવા પ્રકલ્પો, યોજનાઓ આપીને વિકાસ સાકાર કર્યો છે.

# કોની - કયાં બદલી

| નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| (૧) ડૉ. શમશેર સિંઘ | પોલીસ કમિશ્નર, વડોદરા | ડીજીપી લો એન્ડ ઓર્ડર, ગાંધીનગર |
| (૨) જ્ઞાનેન્દ્ર સિંઘ મલિક | એડીજીપી | પોલીસ કમિશ્નર, અમદાવાદ |
| (૩) ડૉ. નીરજ ગોત્રુ | ડાયરેક્ટર, નાગરીક સંરક્ષણ હોમગાર્ડસ, અમદાવાદ | અધિક પોલીસ મહાનિર્દેશક (તાલીમ) |
| (૪) આર.બી.બ્રહ્મભટ્ટ, | અધિક પોલીસ મહાનિર્દેશક, સીઆઈડી (ક્રાઈમ એન્ડ રેલ્વે), ગાંધીનગર | અધિક પોલીસ મહાનિર્દેશક, સીઆઈડી (ઈન્ટેલીજન્સ) |
| (૫) નરસિમ્હા એન. કોમર | અધિક પોલીસ મહાનિર્દેશક (કાયદો અને વ્યવસ્થા) ગાંધીનગર | અધિક પોલીસ મહાનિર્દેશક (એડમિન.), ગાંધીનગર |
| (૬) ડૉ. એસ. પાંડિયન રાજકુમાર | અધિક પોલીસ મહાનિર્દેશક (રેલવે), અમદાવાદ | અધિક પોલીસ મહાનિર્દેશક, સીઆઈડી (ક્રાઈમ એન્ડ રેલ્વે), ગાંધીનગર |
| (૭) અનુપમ સિંહ ગહલૌત | એડીજીજીપી, સીઆઈડી (ઈન્ટેલીજન્સ), ગાંધીનગર | વડોદરા શહેર પોલીસ કમિશનર |
| (૮) પિયુષ પુરુષોત્તમદાસ પટેલ | અધિક પોલીસ મહાનિર્દેશક, સુરત રેન્જ, | પોસ્ટિંગની રાહ |
| (૯) બ્રજેશ કુમાર ઝા | પોલીસ મહાનિરીક્ષક (એડમિન.), ગાંધીનગર | સંયુક્ત પોલીસ કમિશનર, સેક્ટર-૨, અમદાવાદ શહેર |
| (૧૦) વબાંગ જમીર | પોલીસ મહાનિરીક્ષક (ઈન્ટેલિજન્સ-૨), ગાંધીનગર | સંયુક્ત પોલીસ કમિશનર, સેક્ટર-૧, સુરત શહેર |
| (૧૧) અભય ચુડાસમા | પોલીસ મહાનિરીક્ષક, ગાંધીનગર રેન્જ | પ્રિન્સિપાલ, સ્ટેટ પોલીસ એકેડમી, કરાઈ |
| (૧૨) વી. ચંદ્રશેકર | પોલીસ મહાનિરીક્ષક, અમદાવાદ રેન્જ | પોલીસ મહાનિરીક્ષક, સુરત રેન્જ |
| (૧૩) એમ.એ. ચાવડા | પોલીસ મહાનિરીક્ષક, જૂનાગઢ રેન્જ | એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (વિજિલન્સ), જીએસઆરટીસી, અમદાવાદ |
| (૧૪) ડી.એચ.પરમાર | સંયુક્ત પોલીસ કમિશનર (ટ્રાફિક), સુરત શહેર | ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (આર્મ્ડ યુનિટ), વડોદરા |
| (૧૫) પ્રેમ વીર સિંઘ | જોઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ), અમદાવાદ શહેર | પોલીસ મહાનિરીક્ષક, અમદાવાદ રેન્જ |
| (૧૬) એમ.એસ. ભરાડા, | જોઈન્ટ પોલીસ કમિશનર, સેક્ટર-૨, અમદાવાદ શહેર | પોલીસ મહાનિરીક્ષક (ઈન્ટેલિજન્સ-૧), ગાંધીનગર |
| (૧૭) એચ.આર.ચૌધરી, | એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, GUVNL, વડોદરા | સંયુક્ત પોલીસ કમિશનર (ટ્રાફિક), સુરત |
| (૧૮) નિલેશ ભીખાભાઈ જાજડિયા | નાયબ પોલીસ મહાનિરીક્ષક (કોસ્ટલ સિક્યોરિટી), અમદાવાદ | નાયબ પોલીસ મહાનિરીક્ષક, જૂનાગઢ રેન્જ |
| (૧૯) ચિરાગ મોહનલાલ કોરાડિયા | નાયબ પોલીસ મહાનિરીક્ષક, પંચમહાલ-ગોધરા રેન્જ | અધિક પોલીસ કમિશનર, સેક્ટર-૧, અમદાવાદ શહેર |
| (૨૦) પી.એલ.માલ | અધિક પોલીસ કમિશનર, સેક્ટર-૧, સુરત શહેર | નાયબ પોલીસ મહાનિરીક્ષક (કોસ્ટલ સિક્યોરિટી), અમદાવાદ |
| (૨૧) એ.જી.ચૌહાણ, અમદાવાદ | આચાર્ય, રાજ્ય પોલીસ એકેડેમી, કરાઈ, ગાંધીનગર | ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (જેલ), |
| (૨૨) આર.વી.અસારી | નાયબ પોલીસ મહાનિરીક્ષક (ઈન્ટે-૨), ગાંધીનગર | નાયબ પોલીસ મહાનિરીક્ષક, પંચમહાલ-ગોધરા રેન્જ |
| (૨૩) નીરજ કુમાર બડગુજર | અધિક પોલીસ કમિશનર, સેક્ટર-૧, અમદાવાદ શહેર | અધિક પોલીસ કમિ. (ક્રાઈમ), અમદાવાદ |
| (૨૪) વીરેન્દ્રસિંહ યાદવ | કમાન્ડન્ટ, મેટ્રો સિક્યુરિટી-૧, અમદાવાદ | નાયબ પોલીસ મહાનિરીક્ષક, ગાંધીનગર રેન્જ |
| (૨૫) વિધિ ચૌધરી | જોઈન્ટ ડાયરેક્ટર, ડિરેક્ટોરેટ ઓફ પ્રોસિક્યુશન | અધિક પોલીસ કમિશનર (વહીવટ, ગુના અને ટ્રાફિક), રાજકોટ |
| (૨૬) વિશાલકુમાર વાઘેલા | પોલીસ અધિક્ષક, સાબરકાંઠા | નાયબ પોલીસ મહાનિરીક્ષક (આર્મ્ડ યુનિટ) ગાંધીનગર |
| (૨૭) ડૉ. લીના માધવરાવ પાટીલ | પોલીસ અધિક્ષક, ભરૂચ | નાયબ પોલીસ કમિશનર, ઝોન-૩, વડોદરા |
| (૨૮) મહેન્દ્ર બગરિયા | પોલીસ અધિક્ષક, કચ્છ (પૂર્વ), ગાંધીધામ | પોલીસ અધિક્ષક, કચ્છ-ભુજ (પશ્ચિમ) |
| (૨૯) તરુણ કુમાર દુગ્ગલ | પોલીસ અધિક્ષક, ગાંધીનગર | ડેપ્યુટી પોલીસ કમિશનર, ઝોન-૭, અમદાવાદ શહેર |
| (૩૦) સરોજ કુમારી | નાયબ પોલીસ કમિશ્નર (હેડ ક્વાર્ટર), સુરત શહેર | પોલીસ અધિક્ષક, પશ્ચિમ રેલ્વે, વડોદરા |
| (૩૧) આર.પી. બારોટ | પોલીસ અધિક્ષક, મહીસાગર | ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ, ઝોન-૫, સુરત શહેર |
| (૩૨) ડૉ. જી.એ.પંડ્યા | પોલીસ અધિક્ષક, આર્થિક ગુના વિરોધી સેલ, ઝ્રૈંઢ (ક્રાઈમ) ગાંધીનગર | પોલીસ અધિક્ષક, સુરેન્દ્રનગર |
| (૩૩) બલરામ મીણા | પોલીસ અધિક્ષક, દાહોદ | પોલીસ અધિક્ષક, પશ્ચિમ રેલવે, અમદાવાદ |
| (૩૪) ડૉ. કરણરાજ વાઘેલા | કમાન્ડન્ટ, ઉદ્યોગોના રક્ષણ માટે રાજ્ય અનામત પોલીસ દળ જૂથ, ગાંધીનગર | પોલીસ અધિક્ષક, વલસાડ |
| (૩૫) એ.એમ.મુનિયા | ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ઝોન-૬, અમદાવાદ શહેર | કમાન્ડન્ટ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ, ગ્રુપ-૦૫ ગોધરા |
| (૩૬) યશપાલ જગાણીયા | ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ઝોન-૩, વડોદરા શહેર | પોલીસ અધિક્ષક, ડાંગ - આહવા |
| (૩૭) મયુર ચાવડા, | પોલીસ અધિક્ષક, ઈન્ટેલિજન્સ, ગાંધીનગર | પોલીસ અધિક્ષક, ભરૂચ |
| (૩૮) ડૉ. રવિ મોહન સૈની | પોલીસ અધિક્ષક, પોરબંદર | ડેપ્યુટી પોલીસ કમિશનર, ઝોન-૬, અમદાવાદ શહેર |
| (૩૯) સંજય જ્ઞાનદેવ ખરાત ઓફેન્સ | પોલીસ અધિક્ષક, અરવલ્લી | પોલીસ અધિક્ષક, એન્ટિ-ઈકોનોમિક સેલ, ગાંધીનગર |
| (૪૦) ધર્મેન્દ્ર શર્મા | પોલીસ અધિક્ષક, છોટાઉદેપુર | પોલીસ અધિક્ષક, સીઆઈડી (ક્રાઈમ), ગાંધીનગર |
| (૪૧) એસ.આર.ઓડેદરા | પોલીસ અધિક્ષક, સીઆઈડી (ક્રાઈમ), ગાંધીનગર | પોલીસ અધિક્ષક (કોસ્ટલ સિક્યુરિટી), ગાંધીનગર |
| (૪૨) વાસમસેટી રવિ તેજા | પોલીસ અધિક્ષક, જૂનાગઢ | પોલીસ અધિક્ષક, ગાંધીનગર |
| (૪૩) ડૉ. રવિન્દ્ર પટેલ | પોલીસ અધિક્ષક, ભાવનગર | પોલીસ અધિક્ષક, પાટણ |
| (૪૪) શૈફાલી બરવાલ | પોલીસ અધિક્ષક, રાજ્ય ટ્રાફિક શાખા ૧, ગાંધીનગર | પોલીસ અધિક્ષક, અરવલ્લી-મોડાસા |
| (૪૫) બી આર પટેલ | ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ઝોન-૬, સુરત શહેર | કમાન્ડન્ટ, મેટ્રો સિક્યુરિટી-૧, અમદાવાદ |
| (૪૬) સાગર બાગમાર | ડેપ્યુટી પોલીસ કમિશનર, ઝોન-૪, સુરત શહેર | પોલીસ અધિક્ષક, કચ્છ (પૂર્વ), ગાંધીધામ |
| (૪૭) સુશીલ અગ્રવાલ | ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ઝોન-૩, અમદાવાદ શહેર | પોલીસ અધિક્ષક, નવસારી |
| (૪૮) વિશાખા ડબરાલ | કમાન્ડન્ટ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ,ઓએનજીસી મહેસાણા | ડેપ્યુટી પોલીસ કમિશનર, ઝોન-૩, અમદાવાદ શહેર |
| (૪૯) શ્રીપાલ શેસ્મા | કમાન્ડન્ટ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ, ગ્રુપ-૩, મડાણા | ડેપ્યુટી પોલીસ કમિશનર, ઝોન-૨, અમદાવાદ શહેર |
| (૫૦) વિજયસિંહ ગુર્જર | કમાન્ડન્ટ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ, ગ્રુપ-૧૪, વલસાડ | ડેપ્યુટી પોલીસ કમિશનર, ઝોન-૪, સુરત |
| (૫૧) હિમાંશુ કુમાર વર્મા | નિયુક્તીની રાહ | રાજ્ય ટ્રાફિક શાખા-૧, ગાંધીનગર |
| (૫૨) અતુલ કુમાર બંસલ | મદદનીશ પોલીસ કમિશનર, ઈડિવિઝન, અમદાવાદ | સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ, ગ્રુપ-૭, નડિયાદ |
| (૫૩) આલોક કુમાર | મદદનીશ પોલીસ અધિ., રાજ્ય ટ્રાફિક શાખા, ગાંધીનગર | કમાન્ડન્ટ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ, ગ્રુપ-૩, મડાણા, બનાસકાંઠા |
| (૫૪) શિવમ વર્મા | એએસપી, સીઆઈડી ક્રાઈમ, મીસીંગ પર્સન, ગાંધી., | એસપી, મધ્યસ્થ જેલ, રાજકોટ |
| (૫૫) જગદીશ બંગરવા | નિમણૂકની રાહ | સુપરિન્ટેન્ડેન્ટ, સેન્ટ્રલ જેલ, વડોદરા |
| (૫૬) અભિષેક ગુપ્તા ૧૪, | મદદનીશ પોલીસ અધિક્ષક, ખંભાત | કમાન્ડન્ટ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ, ગ્રુપ- કલગામ વલસાડ |
| (૫૭) જયદીપસિંહ ડી. જાડેજા, | ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ઝોન-૨, અમદાવાદ | પોલીસ અધિક્ષક, મહીસાગર |
| (૫૮) વિજય જે. પટેલ | પોલીસ અધિક્ષક, પાટણ | પોલીસ અધિક્ષક, સાબરકાંઠા |
| (૫૯) ભગીરથસિંહ યુ. જાડેજા, | ડેપ્યુટી પોલીસ કમિશનર, ઝોન-૭, અમદાવાદ | પોલીસ અધિક્ષક, પોરબંદર |
| (૬૦) રવિરાજસિંહ એસ. જાડેજા | પોલીસ અધિક્ષક, ડાંગ – આહવા | કમાન્ડન્ટ, SRPF ગ્રુપ ફોર કમાન્ડન્ટ, ગાંધી |
| (૬૧) હર્ષદકુમાર કે. પટેલ, | પોલીસ અધિક્ષક, એમટી ગાંધીનગર | પોલીસ અધિક્ષક, ભાવનગર |
| (૬૨) ડો. રાજદીપસિંહ એન. ઝાલા | પોલીસ અધિક્ષક, વલસાડ | પોલીસ અધિક્ષક, દાહોદ |
| (૬૩) હરેશકુમાર એમ. દુધાત, | પોલીસ અધિક્ષક, સુરેન્દ્રનગર | પોલીસ અધિક્ષક, ઈન્ટેલિજન્સ, ગાંધીનગર |
| (૬૪) હર્ષદ બી. મહેતા | નાયબ પોલીસ કમિશનર, ઝોન-૫, સુરત | પોલીસ અધિક્ષક, જૂનાગઢ |
| (૬૫) રૂષિકેશ બી. ઉપાધ્યાય | પોલીસ અધિક્ષક, નવસારી | કમાન્ડન્ટ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ,ગ્રુપ-૧૫, મહેસાણા |
| (૬૬) રાજેશકુમાર ટી. પરમાર | એસપીએસ, પોલીસ અધિક્ષક, પશ્ચિમ રેલ્વે, વડોદરા | ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ, ઝોન-૬, સુરત શહેર |
| (૬૭) એન.એ.મુનિયા, | ડેપ્યુટી પોલીસ કમિશનર (હેડ ક્વાર્ટર અને એડમિનિ.) વડોદરા શહેર | ડેપ્યુટી પોલીસ કમિશનર (હેડ ક્વાર્ટર), સુરત |
| (૬૮) ઈમ્તિયાઝ જી. શેખ, | પોલીસ અધિક્ષક, મરીન ટાસ્ક ફોર્સ કમાન્ડર, પોરબંદર | પોલીસ અધિક્ષક, છોટાઉદેપુર |
| (૬૯) કુ. બન્નો જોશી, | સુપરિન્ટેન્ડેન્ટ, સેન્ટ્રલ જેલ, રાજકોટ | ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (હેડ ક્વાર્ટર), અમદાવાદ |
| (૭૦) તેજલ સી. પટેલ, | એસપીએસ, કમાન્ડન્ટ, રાજ્ય અનામત પોલીસ દળ, જૂથ-૦૫, ગોધરા શહેર | ડેપ્યુટી પોલીસ કમિશનર ઓફ પોલીસ (હેડ ક્વાર્ટર અને એડમિનિસ્ટ્રેશન), વડોદરા |